# બિન ઉપયોગી ડેડસ્ટોક આઈટમોની
# જાહેર હરાજીની નોટિસ

**ગુજરાત સમાચાર** (સુરત આવૃત્તિ), શુક્રવાર, તારીખ ૯-૧૨-૨૦૨૨ |૧૩

## બિન ઉપયોગી ડેડસ્ટોક આઈટમોની
## જાહેર હરાજી અંગેની નોટિસ

આથી લાગતાં વળગતા તમામને જણાવવામાં આવે છે કે, ફૂડ ક્વોલીટી ટેસ્ટીંગ લેબોરેટરી, ન.કૃ.યુ.નવસારી અને જમીન વિજ્ઞાન અને કૃષિ રસાયણશાસ્ત્ર વિભાગ, ન.મ.કૃષિ મહાવિદ્યાલય, નકૃયુ, નવસારીના બિનઉપયોગી ડેડસ્ટોક આઈટમોની જાહેર હરાજી તા.૨૦/૧૨/૨૦૨૨, મંગળવારના રોજ ૧૦:૩૦ કલાક દરમ્યાન રાખવામાં આવેલ છે. તો રસ ધરાવતા ઈસમોને હરાજીના દિવસે હરાજીમાં ભાગ લેવા માટે હાજર રહેવા જણાવવામાં આવે છે. જે ઈસમે હરાજીમાં ભાગ લેવો હોય તેઓએ હરાજીની શરતોની વિગતવાર માહિતી **www.nau.in** વેબસાઈટ પરથી મેળવી લેવાની રહેશે. તેમજ વધુ વિગત માટે સંબંધિત અધિકારીશ્રીનો કચેરી સમય દરમ્યાન સંપર્ક કરવો.

તા.૦૫/૧૨/૨૦૨૨, નવસારી

હરાજી માટેનું સ્થળ : (૧) ફૂડ ક્વોલીટી ટેસ્ટીંગ લેબોરેટરી, ન.મ.કૃષિ મહાવિદ્યાલય, ન.કૃ.યુ.નવસારી

(૨) જમીન વિજ્ઞાન અને કૃષિ રસાયણશાસ્ત્ર વિભાગ, ન.મ.કૃષિ મહાવિદ્યાલય નકૃયુ, નવસારી

**સહી**
**પ્રાધ્યાપક અને વડા**
**ફુડ ક્વોલીટી ટેસ્ટીંગ લેબોરેટરી**
**ન.મ.કૃષિ મહાવિદ્યાલય, ન.કૃ.યુ.નવસારી**

**માહિતી/નવસારી/૪૧૩/૨૦૨૨**

| | | | |
|---|---|---|---|
| ૧. | ડીપોઝીટની રકમ | : | રૂ.૫૦૦૦/- |
| ૨. | હરાજીની તારીખ | : | ૨૦-૧૨-૨૦૨૨ |
| ૩. | હરજીનો સમય | : | બપોર પહેલા ૧૦.૩૦ વાગ્યે |
| ૪. | હરાજીનું સ્થળ | : | પ્રાધ્યાપક અને વડા, જમીન વિજ્ઞાન અને કૃષિ રસાયણશાસ્ત્ર વિભાગ, ન.મ. કૃષિ મહાવિદ્યાલય, નવસારી |

**બિન ઉપયોગી ડેડસ્ટોક આઈટમોની હરાજીની શરતો :**

૦૧. ડેડસ્ટોક બિનઉપયોગીઆઈટમો અત્યારે જે હાલતમાં, જે સ્થળે અને જે પરિસ્થિતિમાં છે તે રીતે તેમજ અત્રેની કોઈપણ જવાબદારી સિવાય જાહેર હરાજીથી વેચાણ કરવાના છે.

૦૨. હરાજીમાં જે આઈટમો (બિનઉપયોગીડેડસ્ટોક) નો નિકાલ કરવાનો છે તે આઈટમો જાહેરતમાં દર્શાવેલ સ્થળે રજાના દિવસો સિવાય સવારે ૧૦:૩૦ થી ૧૭:૦૦ વાગ્યા સુધીમાં જોવા મળશે.

૦૩. હરાજીમાં ભાગ લેનાર ઈસમે **રૂ. ૫૦૦૦/- (અંકે રૂપિયા પાચ હજાર પૂરા) ડિપોજીટ પેટે જમા કરાવ્યા બાદ "બોલી" બોલી શકાશે.** હરાજી પૂર્ણ થયા બાદ વધુમાં વધુ ભાવ બોલનાર સિવાયના ઈસમોની ડીપોજીટ પરત કરવામાં આવશે.

૦૪. હરાજીમાં જે તે ઈસમે ડીપોઝીટ ભરી હશે તે જ ઈસમ હરજીમાં ભાગ લઈ શકશે. હરાજી સમયે ફોટો આઈડી કાર્ડ સાથે રાખવાનું રહેશે.

૦૫. સૌથી ઉંચી બોલી બોલનાર ઈસમે હરાજીમાં બોલેલ બોલીની રકમ ભરપાઈ કરવાની રહેશે અને આઈટમોને અત્રેથી પોતાના ખર્ચે લઈ જવાની રહેશે. જો તેમ ન કરવામાં આવે તો તેમની ડીપોઝીટની રકમ કોઈપણ કારણ જણાવ્યા સિવાય જપ્ત કરવામાં આવશે. તેમજ ભવિષ્યમાં તેમને યુનિવર્સિટીની કોઈ પણ હરાજી માટે બ્લેક લીસ્ટ કરવામાં આવશે.

૦૬. હરાજીમાં બોલેલ સંપૂર્ણ રકમ દિન-૧૦ સુધીમાં જમા કરવામાં નહી આવે તો હરાજી રદ કરવામાં આવશે. કોઈ પણ સંજોગોમાં હરાજીની પૂરેપુરી રકમ ભરવાની મુદત વધારી આપવામાં આવશે નહીં. ઈજારદારે પાનકાર્ડ અને આધારકાર્ડની નકલ ફરજીયાત જમા કરાવવાની રહેશે.

૦૭. ડેડસ્ટોક બિન ઉપયોગી આઈટમો વેચાણ થયા બાદ/ ડેડસ્ટોક બિન ઉપયોગી આઈટમોનો કબ્જો મેળવ્યાથી તેની સઘળી જવાબદારી જે તે ઈજારદારની રહેશે. ત્યારબાદ આ અંગેનો કોઈ દાવો માન્ય રાખવામાં આવશે નહિ.

૦૮. ડિપોઝીટ રકમ પરત કરવાની કાર્યવાહીમાં કચેરી તરફથી વિલંબ થાય તો ડિપોઝીટ રકમ પર કોઈપણ જાતનું વ્યાજ આપવામાં આવશે નહી.

૦૯. સૌથી વધુ બોલી બોલનાર ઈસમે હરાજીની આઈટમો તેમના તેમના વાહનમાં તેમજ તેમના માણસો સાથે હાજર રહી સ્વ ખર્ચે લઈ જવાનો રહેશે. તેમની ગેરહાજરીમાં કોઈ પણ ઈસમને સામાન લઈ જવા દેવામાં આવશે નહીં. તેમજ હરાજી સમયે જે ઈસમે માલ સામાન રાખ્યો હોય તે બીજા ઈસમને આ સામાન તબદીલ કરી શકશે નહીં.

૧૦. હરાજી બાબતે કોઈ પણ જાતની તકરાર મુશ્કેલી કે મુદ્દો ઊભો થાય તો નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીનો નિર્ણય આખરી ગણાશે. જે ઈજારદારને બંધનકર્તા રહેશે અને કાયદાકીય જ્યુરીડીક્શન નવસારી રહેશે.

૧૧. સંજોગોવશાત ઉપરોક્ત શરતોમાં કોઈ પણ ફેરફાર યુનિવર્સિટીના સત્તાધીશો તરફથી કરવામાં આવે તો તે માન્ય રાખવા પડશે અને તે અંગે કોઈ તકરાર સ્વીકારવામાં આવશે નહી, તેમજ યુનિવર્સિટી દ્વારા રચેલ કમિટીનો નિર્ણય આખરી ગણાશે, જે ઈજારદારને બંધનકર્તા રહેશે.

૧૨. ઈજારદાર ઈસમ પુખ્ત વાયનો હોવો જોઈએ તેમજ અસ્થિર મગજનો હોવો જોઈએ નહીં.

૧૩. હરાજી/હરાજીનો અમુક ભાગ મંજૂર રાખવો કે નહી તેની સત્તા યુનિવર્સિટી દ્વારા રચેલ કમિટીની રહેશે.

૧૪. સૌથી વધુ બોલી બોલનાર પાર્ટી પાસે તેમની સૌથી ઊંચી બોલીના ૧% રકમ ટીસીએસ તરીકે કચેરીમાં જમા કરાવવાના રહેશે.

૧૫. ડેડસ્ટોકના સાધનો ભરી જવાનો સમય સવારે ૯:૦૦ થી ૧૧:૦૦ અને બપોરે ૨:૦૦ થી ૪:૦૦ વાગ્યા સુધીની રહેશે. તે સિવાય તથા રજાના દિવસોમાં સામાન ભરવા દેવામાં આવશે નહી.